બેભાન થઈ ઢળી પડ્યા બાદ 3 યુવાન રત્નકલાકારનાં મોત

અલગ અલગ બનાવમાં હીરાના કારખાનામાં કામ કરતી વખતે બેભાન થઈ ગયા હતા

સુરતઃ શહેરમાં ગરમી સાથે હવે હાર્ટ એટેક તેમજ અચાનક બેભાન થઈને મોતને ભેટવાના બનાવો પણ વધી રહ્યા છે. ત્યારે ત્રણ અલગ અલગ બનાવમાં હીરાના કારખાનામાં કામ કરતાં યુવાનના મોત થયા હતા.

મળેલી માહિતી મુજબ, મૂળ ભાવનગર જિલ્લાના અને હાલ પાસોદરા ગઢપુર ટાઉનશીપમાં રહેતા જય રણછોડભાઈ ડોંડા (ઉં.વ.24) હીરાના કારખાનામાં કામ કરતાં હતા. મંગળવારે જયને કામ કરતી વખતે છાતીમાં એકાએક દુખાવો થવા લાગ્યો હતો. જેથી ઘરે આવ્યો હતો અને ઘરે આવીને પાણી પીધા બાદ ગણતરીના સેકેન્ડમાં તે બેભાન થઈ ગયો હતો. સ્મીમેર હોસ્પિટલમાં ખસેડતા ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યા હતા. મૃતક જયની બહેનનું પણ બે વર્ષ પહેલાં હાર્ટ એટેકથી મોત થયું હતું. બીજા બનાવમાં, મૂળ મહેસાણાના અને હાલ અમરોલીમાં શ્રીજી રેસિડેન્સીમાં ચાર વર્ષની પુત્રી સહિતના પરિવાર સાથે રહેતા રાજકુમાર કમલેશભાઈ પટેલ (ઉં.વ.26) કાપોદ્રા ખાતે આવેલા હીરાના કારખાનામાં કામ કરતાં હતા. બુધવારે સવારે રાજકુમાર રોજ મુજબ નોકરી પર આવ્યો હતો અને હાજરી પૂરીને ખુરશી પર બેઠો હતો. દરમિયાન તેને અચાનક ગભરામણ થવા લાગી હતી અને તે બેભાન થઈ ગયો હતો. જેથી તેને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તેનું મોત થયું હતું. ત્રીજા બનાવમાં, મૂળ રાજસ્થાનના વતની અન્નારામ પ્રહલાદરામ ચૌધરી (ઉં.વ.45) હાલ ગોડાદરા ખાતે આવેલી ભાવના સોસાયટીમાં રહેતો હતો. તે અશ્વિનીકુમાર રોડ પર આવેલ એક હીરાના કારખાનામાં કામ કરતા હતો.

મંગળવારે સાંજે અન્નારામ હીરાના કારખાનામાં કામ કરતી વખતે અચાનક બેભાન થઈ ગયો હતો. જેથી તેમણે સારવાર માટે સ્મીમેર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો.

NATA
ENTRANCE EXAM PREPARATION 2025-26
10th To 12th & DIPLOMA
◆ ARCHITECT
◆ INTERIOR
◆ JEE-2
◆ NID
◆ FINE ARTS
GAJENDRA MAJITHIA
New citylight
91-98251-47447

અડાજણમાં કેક મૂકવાના કાઉન્ટરમાંથી કરંટ લાગતાં દુકાનદારનું મોત

સુરતઃ અડાજણમાં ક્રિસ કેક નામની દુકાનમાં કેક મુકવાના કાઉન્ટરમાંથી વીજ કરંટ લાગતા માલિકનું મોત નીપજ્યું હતું.

મળેલી માહિતી મુજબ, મૂળ ઉત્તરપ્રદેશના વતની શૈલેષ દિનેશભાઈ તિવારી (ઉં.વ.38) હાલમાં નવાગામ ડિંડોલી વિસ્તારમાં આવેલા રાધાસ્વામી નગરમાં બે પુત્રી સહિતના પરિવાર સાથે રહેતા હતા. શૈલેષ અડાજણ હનીપાર્ક સર્કલ પાસે ક્રિસ કેક નામથી કેકની દુકાન ચલાવતા હતા. મંગળવારે રાત્રે શૈલેષ દુકાનમાં કામ કરી રહ્યા હતા, તે સમયે તેમણે કેક મુકવાના કાઉન્ટરમાંથી વીજ કરંટ લાગ્યો હતો. જેથી તેઓ ઢળી પડ્યા હતા. તેથી તેઓને તાત્કાલિક નવી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે શૈલેષને મૃત જાહેર કર્યા હતા. અકસ્માતને પગલે અડાજણ પોલીસે દુકાનના CCTV ફૂટેજની મદદથી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસના ડર વગર ૭૨ લોકો હથિયારો સાથે ફરતા હતા

સુરત SOGએ જુદાં જુદાં પોલીસ સ્ટેશનમાં કાર્યવાહી હાથી ધરી

સુરતઃ સુરત શહેર SOG દ્વારા ખાસ ઓપરેશન રેમ્બો હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં કોમ્બિંગ કરીને ઘાતક હથિયારો સાથે કુલ ૭૨ ઇસમ અને ૧ તડીપાર મળી કુલ ૭૩ આરોપીને પકડી લીધા હતા. જેમાં ગુજસીટોક અને ડબલ મર્ડરનો કુખ્યાત આરોપી 'આસિક તલવાર' ઝડપાયો છે. તે તડીપાર હોવા છતાં શહેરમાં ફરતો હતો. જેથી તેની સામે જીપી એક્ટની કલમ 142 મુજબ તડીપાર ભંગનો અલગથી ગુનો નોંધી વધુ કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ ઉપરાંત ડિંડોલી પોલીસ સ્ટેશનના એક ગંભીર ગુનામાં લાંબા સમયથી ફરાર અરબાઝ આલમ ખાન પઠાણ પણ એસઓજીની પકડમાં આવી ગયો છે.

લિંબાયતમાં સૌથી વધુ હથિયાર સાથે પકડાયા

» લિંબાયતઃ ૧૪ કેસ » ભેસ્તાનઃ ૧૩ કેસ » સલાબતપુરાઃ ૧૧ કેસ » રાંદેરઃ ૦૮ કેસ » ઉધનાઃ ૦૭ કેસ » પુણાઃ ૦૭ કેસ » અડાજણઃ ૦૭ કેસ » ગોડાદરાઃ ૦૫ કેસ » અઠવાઃ ૦૫ કેસ » ચોકબજારઃ ૦૪ કેસ » મહિધરપુરાઃ ૦૩ કેસ » લાલગેટઃ ૦૩ કેસ

સરકારી શૌચાલય બનાવનાર કોન્ટ્રાક્ટર સજા

સુરતઃ ચેક રિટર્ન કેસમાં એડિશનલ સ્મોલ કોઝ કોર્ટે આરોપીને તકસીરવાન ઠેરવી ૧ વર્ષની સાદી કેદની સજા તેમજ ફરિયાદીને વ્યાજ સાથે રકમ ચૂકવવાનો આદેશ કર્યો હતો. આ કેસમાં ફરિયાદી મિલન ઘનશ્યામભાઈ વિરડીયા અને આરોપી મહેશભાઈ હિરજીભાઈ કાકડીયા વચ્ચે મિત્રતાનો સંબંધ હતો. આરોપી મહેશભાઈ સરકારી શૌચાલય-બાથરૂમ બનાવવાનો કોન્ટ્રાક્ટ ધરાવતા હતા. પોતાના આ વ્યવસાય માટે મિત્ર મિલનભાઈ પાસેથી સપ્ટેમ્બર-૨૦૨૧ના સમયગાળામાં ૧૪,૫૦,૦૦૦ હાથ ઉછીના લીધા હતા. આ રકમના બદલામાં આરોપી મહેશભાઈએ ફરિયાદીને ચેક આપ્યો હતો. આ ચેક બેંકમાં રજૂ કરતા રિટર્ન થયો હતો. ફરિયાદીએ એડ્વોકેટ ગૌતમ ચૌહાણ મારફતે આરોપી વિરુદ્ધ કોર્ટમાં ફરિયાદ કરી હતી. આ કેસની સુનાવણી બાદ કોર્ટે બંને પક્ષની દલીલો અને પુરાવાઓ ધ્યાને લઈ આરોપી મહેશભાઈ કાકડીયાને એક વર્ષની સાદી કેદની સજા ફટકારી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે ચેક રિટર્નની સમસ્યા વકરી રહી હોવાથી કોર્ટ પણ હવે આ મામલે કડક વલણ અપનાવી રહી છે.

વેડ રોડમાં પગના દુખાવાથી કંટાળીને મહિલાએ ઝેર પીધું

સુરતઃ વેડરોડમાં પગના દુખાવાથી કંટાળીને મહિલાએ ઝેર પીને આપઘાત કરી લીધો હતો. મૂળ અમરેલી જિલ્લાના ખાંભા તાલુકાના વતની ધીરુભાઈ પાંડવ હાલ વેડરોડ વિસ્તારમાં આવેલ કૃષ્ણનગર સોસાયટીમાં પરિવાર સાથે રહે છે અને હીરાના કારખાનામાં કામ કરે છેમંગળવારે ધીરુભાઈ પરિવાર સાથે તેમના બનેવીના દસમાની વિધિમાં ગયા હતા. દરમિયાન તેમના 55 વર્ષીય પત્ની ભાવનાબેને ઘરમાં ઝેર પી લીધું હતું. તેમને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં તેમનું નિધન થયું હતું

રાંદેરમાં 31 વર્ષીય યુવકે ફાંસો ખાધો

સુરતઃ રાંદેરમાં 31 વર્ષીય યુવકે ફાંસો ખાઇને આપઘાત કરી લીધો હતો. મૂળ દાહોદ જિલ્લાના વતની અને ટ્રક ચાલક રુચિનભાઈ વિજયભાઈ મોઢીયા (31 વર્ષ) હાલ રાંદેર વિસ્તારમાં આવેલા ગિરધરનગર સોસાયટીમાં પરિવાર સાથે રહેતા હતા. તેમના સાળાના લગ્ન હોવાથી પરિવાર ત્યાં ગયો હતો અને લગ્ન માટે વતન જવાના હતા. પરંતુ તે પહેલા જ આજે સવારે તેમણે ઘરે ફાંસો ખાઇ આપઘાત કરી લીધો હતો.

વરાછામાં કારખાનેદારે ફાંસો ખાધો

સુરતઃ વરાછામાં કામ બરાબર નહીં ચાલતા આધેડે કારખાનામાં જ ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. મળેલી માહિતી મુજબ, મૂળ ભાવનગર જિલ્લાના સિહોર તાલુકાના સરવેડી ગામના અને હાલમાં વરાછાનાં વાસુદેવપાર્કમાં રહેતા જયેશભાઈ છગનભાઈ વાઘાણી (ઉં.વ.48) કાપડ પર જોબવર્ક કરતાં હતાં અને અને ઘર પાસે જ તેમનું કારખાનું પણ આવેલું છે. મંગળવારે રાત્રે જયેશભાઈએ ખાતામાં છતમાં લગાવેલા પંખાના હુંક સાથે વાયર બાંધીને ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો.

જરી, થ્રેડ યાર્નના GST રિફંડ માટે ચેમ્બરે રજૂઆત કરી

મિડલ ઈસ્ટ યુદ્ધને લીધે ટેક્સટાઇલની નિકાસને અસર થઈ છે ત્યારે ઇન્વર્ટેડ ડ્યૂટી સ્ટ્રક્ચરના પ્રશ્ને ઉદ્યોગકારોને રાહત આપવા માંગ

સુરત : દક્ષિણ ગુજરાતના જરી અને જરી થ્રેડ ઉદ્યોગને અસર કરતા GST રિફંડ મુદ્દે હવે ઉદ્યોગ સંસ્થાઓ સક્રિય બની છે. ધ સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીએ કેન્દ્ર સરકારના ટેક્સટાઇલ મંત્રાલય સમક્ષ જરી થ્રેડ/યાર્ન પર લાગુ ઇન્વર્ટેડ ડ્યૂટી સ્ટ્રક્ચરના કારણે ઊભી થયેલી સમસ્યાઓ અંગે રજૂઆત કરી છે. આ સમસ્યાને લીધે ઉદ્યોગની 600 કરોડથી વધુની ક્રેડિટ જામ થઈ છે, એનું તાત્કાલિક રિફંડ રિલીઝ થવું જોઈએ.

ચેમ્બરના પ્રમુખ નિખિલ મદ્રાસીએ ટેક્સટાઇલ મંત્રાલયના જોઈન્ટ સેક્રેટરી મનીષા ચેટર્જીને પાઠવેલા પત્રમાં જણાવ્યું છે કે, સુરત આધારિત સિક્યોર એમ્બ્રો થ્રેડ એન્ડ જરી એસોસિયેશનના સભ્યો જરી મેન્યુફેક્ચરિંગ પ્રવૃત્તિ સાથે સંકળાયેલા છે અને તેઓ લાંબા સમયથી GST હેઠળ ઇન્વર્ટેડ ડ્યૂટી સ્ટ્રક્ચરના પ્રશ્નનો સામનો કરી રહ્યા છે.

ચેમ્બરે પત્રમાં જણાવ્યું હતું કે, જરી થ્રેડ/યાર્નના ઉત્પાદન માટે વપરાતી ઇનપુટ સામગ્રી પર વધુ GST ચૂકવવો પડે છે. જ્યારે તૈયાર ઉત્પાદનો પર ઓછો ટેક્સ લાગુ પડતો હોવાથી ઇનપુટ ટેક્સ ક્રેડિટ (ITC) રિફંડ સંબંધિત પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે. જેના કારણે ઉત્પાદકોની મૂડી અટવાઈ રહી છે અને ઉદ્યોગ પર આર્થિક દબાણ વધી રહ્યું છે.

ચેમ્બરે કેન્દ્ર સરકારને વિનંતી કરી છે કે, જરી ઉદ્યોગકારોની રજૂઆતને ગંભીરતાથી લઈ યોગ્ય નિર્ણય લેવામાં આવે અને GST રિફંડ સંબંધિત માંગ પર સહાનુભૂતિપૂર્વક વિચારણા કરવામાં આવે.

આશરે 1000 વિદ્યાર્થીઓ માટે 200 કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવેલા

પાટીદારોના 13 માળના જમનાબા વિદ્યાર્થી ભવનનું રવિવારે લોકાર્પણ

મુખ્યમંત્રી લોકાર્પણ કરશે, ભવન પરિસરમાં હોસ્ટેલ સહિતની અદ્યતન સુવિધાઓ હશે

સરદાર પટેલની 31 ફૂટ ઊંચી પ્રતિમાનું ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવી અનાવરણ કરશે

સુરતઃ સુરતમાં વસતા સૌરાષ્ટ્રવાસી પટેલ સમાજની માતૃસંસ્થા સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ' દ્વારા સુરત-કામરેજ મુખ્ય રોડ પર બનાવવામાં આવેલા ભવ્ય અને અત્યાધુનિક 'જમનાબા વિદ્યાર્થી ભવન'નું આગામી તા.24ના રોજ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે લોકાર્પણ કરવામાં આવશે. સંસ્થાના પ્રમુખ કાનજીભાઈ ભાલાળાના જણાવ્યા અનુસાર, 1000 વિદ્યાર્થીઓની હોસ્ટેલ સુવિધા ધરાવતો ફેઝ-1 નો પ્રોજેક્ટ પૂર્ણ થયો છે. જ્યારે ફેઝ-2 અંતર્ગત 500 દીકરીઓ માટે 'કિરણ મહિલા ભવનનું લોકાર્પણ પણ ટૂંક સમયમાં કરવામાં આવશે. આ બંને ભવનો પાછળ અંદાજે કુલ રૂપિયા 200 કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. 1000 વિદ્યાર્થીઓ માટે હોસ્ટેલઃ રહેવા, જમવા અને લોન્ડ્રી-ઈસ્ત્રી સહિતની તમામ સુવિધાઓ માત્ર રૂ. 40.000 ની વાર્ષિક ટોકન ફીમાં અપાશે.

આ ભવન પરિસરમાં નવું નવું શું હશે?

» જ્ઞાનનું કેન્દ્રઃ 50 હજાર પુસ્તકોની ક્ષમતા ધરાવતું પુસ્તકાલય, ડિજિટલ ઈ-લાઈબ્રેરી અને સવારે 6 થી રાત્રે 1 વાગ્યા સુધી કાર્યરત વિશાળ વાંચનાલય. » રોજગાર લક્ષી સુવિધાઃ કારકિર્દી માર્ગદર્શન સેન્ટર, સરકારી સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે કોચિંગ વ્યવસ્થા અને સરકારી યોજનાઓનું માર્ગદર્શન કેન્દ્ર. » આધુનિક સવલતોઃ વિદ્યાર્થીઓ માટે જિમ, યોગા સેન્ટર, પ્રાર્થના હોલ અને અદ્યતન AI રીસર્ચ લેબ. » કોન્ફરન્સ સુવિધાઃ ૭૦ બેઠકની ક્ષમતાવાળો કોન્ફરન્સ રૂમ અને ૩૫ બેઠકનો મીટિંગ હોલ તેમજ દરેક માળે એક્ટિવિટી રૂમ. » ભોજનાલયઃ ૩૦૦ બેઠકની ક્ષમતાવાળું 'માતૃશ્રી સંતોકબા ભોજનાલય'. » ગ્રીન એનર્જીઃ ભવનની છત પર ગોલ્ડી સોલાર તરફથી રૂફટોપ સોલાર સિસ્ટમ અને જે. એમ. પટેલ પરિવાર તરફથી સમગ્ર બિલ્ડિંગમાં ડ્રિંકિંગ વોટર સિસ્ટમ.

સ્મીમેરના ડોક્ટરો સામેની ફરિયાદ ગ્રાહક કોર્ટે ફગાવી

દાંત વિભાગના તબીબે બીજી દાઢ કાઢી નાંખીનો આક્ષેપ કરાયો હતો

સુરતઃ સ્મીમેર હોસ્પિટલના દાંત વિભાગના તબીબોએ બેદરકારી દાખવીને જમણી બાજુને બદલે ડાબી બાજુની દાઢ કાઢી નાંખી હોવાનો આક્ષેપ કરી, પંદર લાખની વળતરની માંગણી કરતી ફરિયાદ સુરત જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશન (એડીશનલ) ના પ્રમુખ ન્યાયાધીશ આર. એલ. ઠક્કર અને સભ્ય પૂર્વીબેન જોષીની બેન્ચે ફગાવી દીધી હતી.

ફરિયાદી અશોકકુમાર વર્માએ સ્મીમેર હોસ્પિટલના ડો. તેજલ ચૌધરી અને ડો. મોહન અરોરા સહિતનાં વિરુદ્ધ ગ્રાહક કમિશનમાં ફરિયાદ કરી હતી. ફરિયાદીની પુત્રી નીતુને દાંતમાં દુખાવો થતાં તા. ૧૬/૦૬/૨૦૧૫ ના રોજ સ્મીમેર હોસ્પિટલના દાંત વિભાગમાં બતાવવામાં આવ્યું હતું. પુત્રીને જમણી બાજુની પહેલી દાઢમાં સડો અને રૂટમાં ઈન્ફેક્શન હોવાથી તે કાઢવી જરૂરી હતી, પરંતુ તબીબોએ કેસ પેપર્સમાં ભૂલથી અને બેદરકારીથી જમણીને બદલે ડાબી બાજુની દાઢ કાઢવાનું લખી દીધું હતું. જેના આધારે ડાબી બાજુની દાઢ કાઢી ટાંકા લેવામાં આવ્યા હતા. ત્યારબાદ પણ અસહ્ય દુખાવો ચાલુ રહેતા અન્ય ડેન્ટિસ્ટ પાસે એક્સ-રે કરાવતા જમણી બાજુની દાઢની તકલીફ હોવાનું સામે આવ્યું હતું. આથી શારીરિક-માનસિક ત્રાસના વળતર પેટે રૂ. ૧૫ લાખ અને ખર્ચના રૂ. ૫૦,૦૦૦ ની માંગણી કરવામાં આવી હતી. આ કેસની સુનાવણીમાં સામાવાળા તબીબ તરફથી એડવોકેટ શ્રેયસ દેસાઈએ દલીલ કરી હતી કે આ કેસમાં સ્મીમેર હોસ્પિટલ દ્વારા ખાસ કમિટીએ સ્પષ્ટ અભિપ્રાય આપ્યો હતો કે સારવારમાં કોઈ જ તબીબી બેદરકારી થઈ નથી. ગુજરાત સ્ટેટ ડેન્ટલ કાઉન્સિલમાં પણ ફરિયાદ કરવામાં આવી હતી.

દારૂના અડ્ડા માટે મંદિરમાંથી વીજચોરી

ઉધનામાં રણજીત માલિયાની ઝૂંપડપટ્ટીમાં ચાલતા કાળા કારોબારનો સ્ટેટ વિજિલન્સે ભાંડો ફોડ્યો

બુટલેગરે ધો.૧૦ની પરીક્ષા પૂરી થતાં જ નવરા સગીરને દૈનિક રૂ.૭૦૦ની લાલચે કેશિયર તરીકે કામ પર રાખ્યો

રૂ.૩.૧૨ લાખના મુદ્દામાલ સાથે ૭ ઝડપાયા

સુરતઃ ઉધના રોડ નંબર-૪ની ઝૂંપડપટ્ટીમાં ચાલતા દારૂના અડ્ડા પર સ્ટેટ વિજિલન્સે દરોડા પાડ્યા હતા. અડ્ડા પરથી વિદેશી અને દેશી દારૂ, મોબાઈલ ફોન તથા રોકડા રૂપિયા મળી કુલ રૂ.૩,૧૨,૮૮૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. પોલીસે સ્થળ પરથી એક સગીર સહિત કુલ ૭ ઈસમની ધરપકડ કરી છે, જ્યારે મુખ્ય સંચાલક સહિત અન્ય ૩ને વોન્ટેડ જાહેર કર્યા છે.

બાતમીના આધારે એસ.એમ.સી. (SMC)ની ટીમે મંગળવાર સાંજથી બુધવાર વહેલી સવાર દરમિયાન ઉધના નહેરૂનગર રોડ નંબર-૪ પર પાણીની ટાંકી સામે આવેલી રણજીત માલિયાની ઝૂંપડપટ્ટીમાં રેઈડ કરી હતી. તપાસ દરમિયાન આ અડ્ડા પર ગ્રાહકો પાસેથી ઓનલાઈન નાણાં સ્વીકારવા માટે ૪ ફોન-પે સ્કેનર અને ૩ પેટીએમ સાઉન્ડ બોક્સ રાખવામાં આવ્યા હોવાનું બહાર આવ્યું હતું. વધુમાં, આ ગેરકાયદે અડ્ડામાં વીજળીનો વપરાશ બાજુમાં આવેલા મંદિરની લાઈનમાંથી કનેક્શન ખેંચીને કરવામાં આવતો હોવાનું પણ ખુલ્યું છે. પોલીસ પૂછપરછમાં પકડાયેલા ૧૭ વર્ષીય સગીરે જણાવ્યું કે, ધોરણ-૧૦ની પરીક્ષા પૂરી થતા નવરો હોવાથી ગામના જ મુખ્ય બુટલેગર રણજીત માલિયાએ તેને દૈનિક રૂ.૭૦૦ની મજૂરી આપી દારૂના અડ્ડાનું કાઉન્ટર અને હિસાબ કિતાબ સંભાળવા રાખ્યો હતો. છેલ્લા બે મહિનાથી તે આ કાળો કારોબાર સંભાળી રહ્યો હતો. મુખ્ય આરોપી રણજીત માલિયા વાપીના સોહન નામના બુટલેગર પાસેથી ઓર્ડર આપી ટ્રેન મારફતે ઈંગ્લિશ દારૂનો જથ્થો ઉધના રેલવે સ્ટેશન પર મંગાવતો હતો, જ્યારે દેશી દારૂ સુરતના ડુન્ડી ગામના કાલુ ડુન્ડી પાસેથી મંગાવવામાં આવતો હતો. પોલીસે દરોડા દરમિયાન દારૂ વેચનાર મુન્ના સુભાષ શાહુ, સુધીર વિપ્ર શાહુ, મુકેશ લાલમન તિવારી, સગીર અને ગ્રાહક તુફાન હરી શાહુ, લવકુશ મિશ્રા અને મિથુન પ્રધાનને પકડી પાડ્યા હતા. પોલીસે દારૂનો અડ્ડો ચલાવતા રણજીત માલિયા, ઈંગ્લિશ દારૂ જથ્થો ટ્રેન મારફતે મોકલનાર સોહન (રહે.,વાપી), કુખ્યાત કમલેશ ઉર્ફે કાલુ ડુન્ડી (દેશી દારૂ સપ્લાય કરનાર) ને વોન્ટેડ જાહેર કર્યા છે. પોલીસે રેઈડ દરમિયાન સ્થળ પરથી દારૂ, રોકડ, ઓનલાઈન પેમેન્ટના સાધનો અને મોબાઈલ મળી કુલ્લે ૩.૧૨ લાખની મતા કબજે લીધી છે.

ડભોલીમાં આર્થિક સંકડામણમાં રત્નકલાકારનો ઝેર પી આપઘાત

સુરતઃ ડભોલીમાં આર્થિક સંકડામણમાં રત્નકલાકારે ઝેર પીને આપઘાત કરી લીધો હતો. મૂળ ભાવનગર જિલ્લાના વતની મયુરભાઈ વિરજીભાઈ ગઢીયા (ઉં.વ.36) હાલ ડભોલી વિસ્તારમાં આવેલી સુકનશ્રી સોસાયટીમાં રહેતા હતા અને તેઓ રત્નકલાકાર હતાં તેમણે 12મી તારીખે બપોરે મયુરભાઈએ ઘરમાં ઝેર પી લીધું હતું. ખાનગી હોસ્પિટલમાં સારવાર દરમિયાન મંગળવારે સાંજે તેમનું મોત નીપજ્યું હતું.

બૈંક ऑफ़ बड़ौदा Bank of Baroda
વેડ રોડ શાખા : દુકાન નં.૧૪ થી ૧૯, સીલ્વર સ્ટોન આર્કેડ, સીંગણપોર રોડ, સુરત ફોન : ૦૨૬૧-૨૫૧૪૭૦૦/૮૦૦
E-mail : vedsur@bankofbaroda.com

સરફેસી એક્ટ, ૨૦૦૨ ના સેક્શન ૧૩ ના સબ-સેક્શન (૨) હેઠળ જામીનદારને નોટીસ

પ્રતિ . **શ્રી દિનેશભાઈ બાબુભાઈ દેવીપુજક :**
૧/બી, ફલેટ નં. ૧૧, ઈ.ડબ્લ્યુ.એસ. આવાસ, જગ્નાથ મંદિર નજીક, પાલ, સુરત- ૩૯૪૫૧૦

મહેરબાનશ્રી,

બાબત : શ્રી શાહનવાઝ ઈસ્માઈલ કુરેશી લોન ખાતા નં. ૩૩૬૯૦૬૦૦૦૦૦૮૯૮ અને ૩૩૬૯૦૬૦૦૦૦૨૧૫૦ ક્રેડીટ ફેસીલીટીમાં તમારી જામીનગીરી અંગે

૧. તમને ખબર છે તે પ્રમાણે તારીખ **૨૩.૦૬.૨૦૧૬** તમે તમામ નાણાં અને નાણાકીય જવાબદારીઓના પેમેન્ટની ગેરેન્ટી આપી હતી. જે તમારી પાસેથી એટલે કે **શ્રી શાહનવાઝ ઈસ્માઈલ કુરેશી લોન ખાતા નં. ૩૩૬૯૦૬૦૦૦૦૦૮૯૮ અને ૩૩૬૯૦૬૦૦૦૦૨૧૫૦** ની પાસેથી સુવિધાની મર્યાદા **રૂા.૬૯૩૫૦૦/-** ચુકવવા ઉપરના જામીન દસ્તાવેજ પ્રમાણે તમારે જામીનદાર તરીકે અમને નીચેની સિક્યુરીટી પૂરી પાડેલ છે. નથી.

૨. અમે તમને જણાવીએ છીએ કે, દેવાદાર કે જે બાકી લોનની રકમ ચુકવવામાં અસમર્થ થયા છે અને તેમનો એકાઉન્ટ નોન-પર્ફોમીંગ એસેટ તરીકે જાહેર થયેલ છે. આ નોટિસની કોપી જામીનદારને **તા.૨૨.૦૪.૨૦૨૬** સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ ની ધારા ૧૩(૨) હેઠળ આપવામાં આવી હતી, તેથી દેવાદાર અસમર્થ સાબિત થતાં ગેરંટી પ્રમાણે તમારે અમને બાકીની લોન/ક્રેડિટ ફેસીલીટી બાકી રકમ **રૂા.૪,૮૯,૭૮૫.૪૬/- (અંકે રૂપિયા ચાર લાખ નેવ્યાંશી હજાર સાતસો પંચ્યાશી અને છેતાલીસ પૈસા પુરા) વધારાનું વ્યાજ અને તેના પર અન્ય ચાર્જીસ** અહીં તમને ઠપકો આપીને જણાવીએ છીએ કે, આ નોટિસ મળ્યાની તારીખથી ૬૦ દિવસની અંદર બાકીની રકમ ચુકવી દેવાની રહેશે. કૃપા કરી નોંધ લો કે પેરા નં. ૧ માં દર્શાવ્યા પ્રમાણે **તા.૨૨.૦૪.૨૦૨૬** મુજબ વ્યાજ ચડવાના ચાલુ રહેશે. (કોપી સામેલ).

૩. અમે આગળ તમને જણાવીએ છીએ કે, તમારી આપેલી જવાબદારીઓ કે જે ઋણ ચુકવવાની હતી તેમાં તમે અસમર્થ નીવડયા છો. અહીં તમને સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ની ધારા કલમ૧૩ પેટા કલમ(૨) હેઠળ તમને નોટિસ આપીને ૬૦ દિવસની અંદર ચુકવી દેવા જણાવ્યુ હતું અમે આગળ તમને નોટિસ આપીને જણાવીએ છીએ કે, ઉપરની રકમ વ્યાજ સાથે ચુકવણીની તારીખ સુધીમાં ચુકવવામાં અસમર્થ થશો તો અને કલમ ૧૩ની પેટા કલમ (૪) હેઠળના તમામ કે કોઈ પણ સત્તાનો ઉપયોગ કરવાની અમને ફરજ પડશે તેની નોંધ લેવી.

૪. અમે આગળ જણાવીએ છીએ કે, આ ધારાની કલમ ૧૩ની પેટા કલમ (૧૩) હેઠળ પેરા (૧) માં દર્શાવેલ મિલકત ના નોટીસમાં બતાવ્યા પ્રમાણેની સંપત્તિનું વેચાણ, લીઝ કે સ્થળાંતર કરવાની મનાઈ કરવામાં આવે છે.(ધંધાના સામાન્ય કામકાજ સિવાય) વધુમાં અમે એવું જણાવીએ છીએ કે, આ ધારાની કલમ ૧૩ (૧૩) માં જણાવેલ જોગવાઈઓનું પાલન ન કરવું તે આ ધારાની કલમ ૨૯ હેઠળ દંડનીય અપરાધ છે.

૫. અમે તમારૂ ધ્યાન ઉપરોકત અધિનિયમની કલમ ૧૩ ની પેટા કલ્મ (૮) તરફ દોરવા માંગીએ છીએ, જેમાં શરતો મુજબ જો તમે બેંક દ્વારા લેવામાં આવતા તમામ ખર્ચો, ચાર્જ સહિત બાકીની રકમની ચુકવણી જાહેર હરાજી/ટેન્ડર/ખાનગી સંધી કરાર માટે નોટીસ પ્રસિદ્ધ કરવાની તારીખ પહેલા કોઈપણ સમયે કરો તો તમે સુરક્ષિત મિલકતને છુટી કરી શકો છો. મહેરબાની કરી નોંધ લેશો કે ઉપર મુજબની નોટીસ પ્રસિદ્ધ થયા પછી, સુરક્ષિત મિલકત છોડાવવાનો તમારો અધિકાર ઉપલબ્ધ રહેશે નહી.

૬. કૃપા કરીને નોંધ લેશો કે આ નોટિસ કોઈપણ પ્રકારના પૂર્વગ્રહ વગર આપવામાં આવેલ છે અને તમારી પાસેથી બાકી નીકળતી રકમના સંદર્ભમાં વધારે માગણી કરવાના અધિકાર સહિત અન્ય કોઈ અધિકાર કે રાહતની માંડવાળ તરીકે ગણવામાં નહિ આવે.

તા.૨૨.૦૪.૨૦૨૬ | સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, વેડ રોડ શાખા, બેંક ઓફ બરોડા.

બૈંક ऑफ़ बड़ौदा Bank of Baroda
વેડ રોડ શાખા : દુકાન નં.૧૪ થી ૧૯, સીલ્વર સ્ટોન આર્કેડ, સીંગણપોર, સુરત. ફોન : ૦૨૬૧-૨૫૧૪૭૦૦/૮૦૦
E-mail : vedsur@bankofbaroda.com

(સરફેસી એક્ટ, ૨૦૦૨ ના સેક્શન ૧૩ ના સબ-સેક્શન (૨) હેઠળ) દેવાદારને નોટીસ

પ્રતિ, **૧) શ્રી શાહનવાઝ ઈસ્માઈલ કુરેશી (દેવાદાર અને ગીરવેદાર),**
૨) શ્રીમતી સમીરા શાહનવાઝ કુરેશી (સહદેવાદાર અને ગીરવેદાર)
અ) ૫૬-એ-૧૬-એચ, ૧ કોસાડ આવાસ, અમરોલી, સુરત-૩૯૪૧૦૭.
બ) ફલેટ નં. એલઆઈજી-૧૩-ઈ-૫૦૧, સુમન શાંતી કોલોની, રાંદેર, સુરત-૩૯૫૦૦૫

મહેરબાનશ્રી,

વિષય : અમારી વેડ રોડ શાખા માંથી ક્રેડીટ સુવિધા અંગે.

અમારા **તા.૨૩.૦૬.૨૦૧૬** ના પત્ર ક્રમાંક બેંકની બાકી અંગે ના પત્રના સંદર્ભમાં ક્રેડીટ સુવિધાઓની મંજૂરી અને મંજૂરીની શરતો જણાવતા ઉપરોક્ત મંજૂરીને અનુલક્ષીને તમારા દ્વારા જરૂરી મિલકત સુરક્ષિત કરીને ક્રેડીટ સુવિધાઓનો લાભ લેવામાં આવ્યો છે અને તેનો ઉપયોગ શરૂ કરવામાં આવ્યો છે. વિવિધ લોન/ક્રેડીક સુવિધા ખાતાઓમાં અને સીકયુરીટી ઈન્ટરેસ્ટની બાકી વિગત નીચે મુજબ છે.

સુવિધાનો પ્રકાર	લીમીટ રૂા. લાખમાં	વ્યાજનો દર	૧૯.૦૪.૨૦૨૬ ના રોજની બાકી	કરાર સહિત સુરક્ષિત કરેલ મિલકતની વિગત
બરોડા ટર્મ લોન ૩૩૬૯૦ ૬૦૦૦૦ ૦૮૯૮	રૂા. ૬,૫૦,૦૦૦/-	૯.૪૦% + ૨%(પેનલ વ્યાજ) હાલનું	**રૂા.૪,૬૮,૩૬૪.૭૦ મુળ રકમ** + લાગુ નહી કરેલ વ્યાજ **રૂા.૧૨૦૫.૯૨** + અનસર્વિસ્ડ વ્યાજ **રૂા.૧૨,૨૮૬.૦૦** + ચક્રવૃદ્ધિ વ્યાજ **રૂા.૪૮.૦૦** = રૂા. ૪,૮૧,૯૦૪.૬૨+વ્યાજ અને તેના પર અન્ય ચાર્જીસ	ઈકવીટેબલ મોર્ગેજ કરેલ સુમન શાંતી કોલોની, નો ફલેટ નં. એલઆઈજી-૧૩/ઈ/૫૦૧, રાંદેર, સુરત ખાતે આવેલ છે. રજીસ્ટ્રેશન દ્વારા તારીખ ૦૭.૦૬.૨૦૧૭ ના ટાઈટલ ડીડ ઈન્સ્ટ્રુમેન્ટ રજીસ્ટર નં ૫૮૩૪ થી સબ રજીસ્ટ્રાર કચેરી સુરત-૪, કતારગામ, જી.સુરત માં નોંધણી થયેલ છે.
બરોડા ટર્મ લોન ૩૩૬૯૦ ૬૦૦૦૦ ૨૧૫૦	રૂા. ૪૩,૫૦૦/-	૮.૪૫% + ૨%(પેનલ વ્યાજ) હાલનું	**રૂા.૭,૭૩૫.૩૨ મુળ રકમ** + લાગુ નહી કરેલ વ્યાજ **રૂા.૧૧.૫૨** + અનસર્વિસ્ડ વ્યાજ**રૂા.૧૩૪.૦૦** = રૂા. ૭,૮૮૦.૮૪ + વ્યાજ અને તેના પર અન્ય ચાર્જીસ	
કુલ :	રૂા. ૬,૯૩,૫૦૦/-		રૂા.૪,૮૯,૭૮૫.૪૬ + વ્યાજઅને તેના પર અન્ય ચાર્જીસ	

મિલકતની વિગત : તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે સુમન શાંતી કોલોની તરીકે જાણીતી બિલ્ડીંગ ફલેટ નં. એલઆઈજી-૧૩/ઈ/૫૦૧ બિલ્ટઅપ એરીયા માપ ૪૨.૦૪૬ ચો.મીટર, અને કારપેટ એરીયા ૩૫.૯૯૮ ચો.મી, ટી.પી.સ્કીમ નં. ૩૦(રાંદેર), એફ.પી નં. ૨૭, રાંદેર સીટી અને જી.સુરત, ગુજરાત ખાતે શ્રીમતી સમીરા શાહનવાઝ કુરેશી અને શ્રી શાહનવાઝ ઈસ્માઈલ કુરેશી ની આવેલ છે.

૨) **તા.૨૩.૦૬.૨૦૧૬** ના રોજ ના લોન કરારના દસ્તાવેજોના આધારે બેંકની રકમ **રૂા.૬૫૦૦૦૦/-** અને બેંકની ગાઈડલાઈન મુજબ બેંક ના અન્ય ચાર્જીસની જવાબદારી સ્વીકારી છે.૩) તમે જાણો છો કે તમે **માર્ચ-૨૦૨૬** ના રોજ પૂરા થયેલ ત્રીમાસિકમાં ઉપરોકત લોન / બાકી રકમના વ્યાજની ચુકવણી કરવામાં કસુર કરેલ છે. તમે **૧૦.૦૧.૨૦૨૬** ના રોજ અને ત્યાર બાદ ચુકવણની મુદતે પણ ચુકવણીમાં કસુર કરેલ છે. ૪) તમે કરેલ કસુર બદલ તમારો લોન એકાઉન્ટ રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની જોગવાઈ મુજબ **તા.૧૦.૦૪.૨૦૨૬** ના રોજ નોન-પરફોર્મીંગ એસેટ તરીકે વર્ગીકૃત કરેલ છે. અમે વારંવાર વિનંતી કરી છતાં તમે તમારી મૂળ રકમ અને તેના પરના વ્યાજ, ચુકવ્યા નથી. **૫)** લોન સવલત પ્રત્યેની તમારી જવાબદારી અદા કરવામાં તમે કસુરવાર થયા છો નિષ્ફળ ગયા છો. ઉપરના પેરા-૧ માં જણાવેલ મિલકતો તમે ગીરો મુકેલ છે. જામીન સ્વરૂપે અને લોન ખાતું નોન-પરફોર્મીંગ એસેટ તરીકે વર્ગીકૃત થયેલ છે. આથી નોટીસ આપીએ છીએ કે સિકયુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટ એન્ડ ઈન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ ની કલમ ૧૩ ની પેટા કલમ (૨) મુજબ નોટીસ આપી તમને પુરેપુરી રકમ જમા કરાવી બેંક પ્રત્યેની **રૂા.૪,૮૯,૭૮૫.૪૬/- (અંકે રૂપિયા ચાર લાખ નેવ્યાંશી હજાર સાતસો પંચ્યાશી અને છેતાલીસ પૈસા પુરા) વધારાનું વ્યાજ અને તેના પર અન્ય ચાર્જીસ** ની જવાબદારી માં જણાવ્યા મુજબ નોટીસ મળ્યાના ૬૦ દિવસમાં ચુકવવા તમને જણાવાય છે. જણાવેલ તા. સુધીમાં તમામ બાકી રકમ વ્યાજ સાથે નહીં ચુકવો તો કથીત એક્ટની કલમ ૧૩ ની પેટા કલમ (૪) મુજબ વધુ કાર્યવાહી થશે. ૬) કૃપા કરી નોંધ લેશો, પુરી રકમ ચુકવવામાં નહિ આવે ત્યાં સુધી દરેક ઋણ સુવિધા માટે પેરા-૧ માં જણાવ્યા પ્રમાણેના દરેક વ્યાજ ચડવાનું ચાલુ રહેશે. ૭) તમારૂ ધ્યાન આ ધારાની પેટા કલમ-૧૩ તરફ દોરીએ છીએ જેની પરિભાષામાં પેરા-૧ માં જણાવેલ મિલકત વેચાણ, લીઝ કે અન્ય કોઈ રીતે સુરક્ષિત સંપત્તિને ટ્રાન્સફર કરવાનું તમારા પર પ્રતિબંધ મુકવામાં આવે છે.(સામાન્ય ધંધાકીય કામકાજ સિવાય) વધુમાં અમે એ જણાવીએ છીએ કે, આ ધારાની કલમ ૧૩(૧૩) પ્રમાણે જોગવાઈઓનું પાલન ન કરવું આ ધારાની ૨૯ હેઠળ દંડનીય અપરાધ છે. **૮) વધુમાં અમે ધારા ૧૩ની પેટા ધારા ૮ મુજબ જો તમે બેંક ની બાકી રકમ વ્યાજ અને ખર્ચાઓ સહિત ચુકવી દઈ સુરક્ષિત કરેલ મિલકત-જાહેર હરાજી/ભાવપત્રક/ટેન્ડર/ખાનગી રીતે વેચાણ કરવા અંગેની નોટીસ પ્રસિદ્ધ થયા પહેલા છોડાવી શકો છો. મહેરબાની કરી નોંધ લેશો કે નોટીસની પ્રસિદ્ધિ પછી તમારો મિલકત છોડાવવાનો હકક પ્રાપ્ત થશે નહી.** ૯) કૃપા કરીને નોંધ લેશો કે આ નોટીસ કોઈપણ પ્રકારના પૂર્વગ્રહ વગર આપવામાં આવેલ છે અને તેથી કોઈ છુટ રાહત કે છુટછાટ કયાંય પણ કોઈ રીતે મળશે નહીં. વધુ માંગણી માટેનો અમારો અધિકાર અબાધિત છે.

તા.૨૨.૦૪.૨૦૨૬ | સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, વેડ રોડ શાખા, બેંક ઓફ બરોડા.

બૈંક ऑफ़ बड़ौदा Bank of Baroda
ભટાર રોડ શાખા : પૂજા કિરણ એપાર્ટમેન્ટ, ભટાર રોડ, સુરત - ૩૯૫૦૦૭ ફોન : ૯૧ ૨૬૧૨૨૪૧૨૩૬
Email : surbha@bankofbaroda.com

કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે) [સીકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના રૂલ ૮(૧) હેઠળ]

નીચે સહી કરનાર **બેંક ઓફ બરોડા** ના અધિકૃત અધિકારીએ સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (૨૦૦૨ ના ૫૪) અને તેમને આ ધારાની કલમ ૧૩(૧૨) સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ તેમને મળેલ સત્તાની રૂએ **તા.૦૧.૦૫.૨૦૨૧** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને દેવાદાર /ગીરવેદાર **શ્રી મધુભાઈ કેશવભાઈ પરમાર (દેવાદાર), શ્રી દેવીનકુમાર એમ. પરમાર (દેવાદાર), શ્રી અરવિંદભાઈ એલ. ભીકડીયા (જામીનદાર)** ને નોટીસમાં દર્શાવેલ રકમ **રૂા.૪,૨૫,૮૫૨/- (અંકે રૂા. ચાર લાખ પચ્ચીસ હજાર આઠસો બાવન પુરા) વત્તા વધારાનું વ્યાજ અને કાનુની ચાર્જીસ** આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર આ રકમ પરત ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર/ જામીનદાર અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારાની કલમ ૧૩ની પેટા કલમ (૪) ના રૂલ ૮ સાથે વંચાણે લઈ સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ હેઠળ તેમને આપવામાં આવેલ અધિકાર અનુસાર **તારીખ ૧૭મી મે સને ૨૦૨૬**ના રોજ આ સંપત્તિનો કબજો સંભાળી લીધેલ છે.

દેવાદારોનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

ખાસ કરીને દેવાદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બેંક ઓફ બરોડા** ની રકમ **રૂા.૪,૨૫,૮૫૨ વત્તા વધારાનું વ્યાજ અને કાનુની ચાર્જીસ** .

સ્થાયી મિલકતનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી'વ્રજભૂમી ટાઉનશીપ' બિલ્ડીંગ એ/૧ ના પહેલા માળ નો ફ્લેટ નં. એ-૧૦૪ માપ આશરે ૧૦૮.૯૭ ચો.મી વણવહેચાયેલ હિસ્સા ૩૧.૯૨૭ ચો.મી જમીન સહિત રે.સ.નં. ૧૨/૧-એ, બ્લોક નં. ૨૯ ગામ. સીમાડા, જી.સુરત ખાતે આવેલ છે.

તા. ૧૭.૦૫.૨૦૨૬ | સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા, ભટાર રોડ શાખા.

બૈંક ऑफ़ बड़ौदा Bank of Baroda
નાનપુરા શાખા : ૧-૧૮૯, જે.ટી. ચેમ્બર્સ, અથુગર સ્ટ્રીટ, નાનપુરા, સુરત-૩૯૫૦૦૩ ફોન : ૦૨૬૧-૨૪૬૨૩૪૧, (ડી) ૨૪૭૧૯૯૪ email : nanpur@bankofbaroda.com

કબજા નોટીસ ધારા ૧૩(૪)(સ્થાયી મિલકત માટે)
[સીકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ)રૂલ્સ, ૨૦૦૨ ના રૂલ ૮(૧) હેઠળ]

નીચે સહી કરનાર **બેંક ઓફ બરોડા**ના અધિકૃત અધિકારીએ સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ (૨૦૦૨ના ૫૪) અને તેમને મળેલ સત્તા હેઠળ આ ધારાની કલમ ૧૩(૧૨) સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ **તા.૦૬.૦૮.૨૦૨૫** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને **દેવાદાર / જામીનદાર શ્રીમતી રીંકી રાજેશકુમાર કોરી (દેવાદાર) અને શ્રી રાજશેખર છોટેલાલ કોરી (સહ-દેવાદાર)** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા.૮,૫૧,૪૭૮.૧૨/-(અંકે રૂા. આઠ લાખ એકાવન હજાર ચારસો ઈઠ્ઠોતેર અને બાર પૈસા પુરા) વત્તા વ્યાજ અને અન્ય ચાર્જીસ** આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર/જામીનદાર આ રકમ પરત ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર આ ધારા ૧૩ ની પેટા કલમ (૪) સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૮ સાથે વંચાણે લઈ તેમને આપવામાં આવેલ અધિકાર અનુસાર **તારીખ ૧૭મી મે સને ૨૦૨૬** ના રોજ આ સંપત્તિનો **કબજો** સંભાળી લીધેલ છે.

દેવાદારોનું ધ્યાન દોરવાનું કે તમને કલમ ૧૩ની ધારા (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

ખાસ કરીને દેવાદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બેંક ઓફ બરોડાની** રકમ **રૂા.૮,૫૧,૪૭૮.૧૨** વત્તા વ્યાજ અને અન્ય ચાર્જીસ ને આધિન રહેશે.

સ્થાયી મિલકતનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત કે જે 'શીવમ રેસીડન્સી વિભાગ-૧' નો પ્લોટ નં. ૧૪૮/બી આશરે માપ ૪૪.૬૧ ચો.મીટર વણવહેચાયેલ હિસ્સા સહીત રોડ અને ખુલ્લી જમીન બ્લોક નં ૧૨૮, રેવન્યુ સર્વે નં ૧૨૮/૧૨૯/૧૩૩ ગામ. કારેલી, સબ ડિસ્ટ્રીકટ. પલસાણા, જી. સુરત ખાતે આવેલ છે. જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ** : પ્લોટ નં. ૧૫૩, **પશ્ચિમ તરફ** : સોસાયટી રોડ, **ઉત્તર તરફ** : પ્લોટ નં. ૧૪૭, **દક્ષિણ તરફ** : પ્લોટ નં. ૧૪૯

તા. ૧૭.૦૫.૨૦૨૬ | સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા,નાનપુરા શાખા.

બૈંક ऑफ़ बड़ौदा Bank of Baroda
ઉત્રાણ શાખા : રાજપુત નિવાસ, સનરાઈસ રેસીડન્સી સામે, મેઈન રોડ, ઉત્રાણ, સુરત. ફોન : ૦૨૬૧-૨૪૯૯૪૬૪
email id : utran@bankofbaroda.com

પરિશિષ્ટ-૪ (જુઓ રૂલ ૮(૧)કબજા નોટીસ

નીચે સહી કરનાર **બેંક ઓફ બરોડા** ના અધિકૃત અધિકારીએ સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ (૨૦૦૨ ના ૫૪) અને તેમને મળેલ આ ધારાની કલમ ૧૩ (૧૨) સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ **તા.૦૭.૦૯.૨૦૨૫** ના રોજ **(તા. ૦૧.૧૦.૨૦૨૫ ના રોજ બે ન્યુઝ પેપર બિઝનેસ સ્ટાન્ડ અને ગુજરાતમિત્ર માં છપાયેલ છે)** ડિમાન્ડ નોટીસ બજાવીને દેવાદારો/ગીરવેદારો **શ્રીમતી રેખાબેન મનસુખભાઈ અલગીયા, શ્રી નિલેશભાઈ મનસુખભાઈ અલગીયા અને કિશોરકુમાર મનસુખભાઈ અલગીયા,** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા. ૧૮,૫૫,૦૭૫.૦૦/- (રૂપિયા અઢાર લાખ પંચાવન હજાર પંચોત્તેર પુરા) તા. ૦૭.૦૯.૨૦૨૫ ના રોજ (તા. ૦૮.૦૨.૨૦૨૫ સુધી વ્યાજ સહિત)** અને વધારાનું વ્યાજ આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદારો/ગીરવેદારો આ રકમ ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદારો/ગીરવેદારો અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારાની કલમ ૧૩ (૪) ના રૂલ ૮ સાથે વંચાણે લઈ તેમને આપવામાં આવેલ અધિકાર અનુસાર **તારીખ ૧૭મી મે ૨૦૨૬** ના રોજ આ સંપત્તિનો કબજો સંભાળી લીધેલ છે.

દેવાદારો/ગીરવેદારો અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બેંક ઓફ બરોડા**,ની રકમ **રૂા.૧૮,૫૫,૦૭૫.૦૦/- (રૂપિયા અઢાર લાખ પંચાવન હજાર પંચોત્તેર પુરા) તા. ૦૭.૦૯.૨૦૨૫ ના રોજ (તા. ૦૮.૦૨.૨૦૨૫ સુધી વ્યાજ સહિત)** અને વધારાનું વ્યાજ અને તેના પરના ખર્ચાઓ ને આધિન રહેશે.

ખાસ કરીને દેવાદારનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

સ્થાવર મિલકતનું વર્ણન

તમામ હક, હિત અને સંબંધ ધરાવતી સ્થાયી મિલકત કે જે 'મારૂતી ધામ સોસાયટી' ના નામે જાણીતી હાઉસીંગ એસ્ટેટ નો પ્લોટ નં. ૨૭ (કેજેપી મુજબ બ્લોક નં. ૧૬૨-૨૭ માપ ૬૭.૧૬ ચો.મી) જમીન ઉપર થયેલ બાંધકામ માપ ૬૭.૮૪ ચો.મી એટલે ૮૧.૧૪ ચો.વાર રહેણાંક નો ઘર ના બાંધાયેલ જેનું માપ ૬૭.૮૪ ચો.મી, વણવહેચાયેલ હિસ્સા સહિત માપ ૪૮.૧૮ ચો.મી કોમન રોડ અને સીઓપી જમીન બ્લોક નં. ૧૬૨ માપ ૨૨૪૬૦ ચો.મી, ગામ. ઉમરા, સબ ડિસ્ટ્રીકટ. ઓલપાડ, જી. સુરત ખાતે શ્રીમતી રેખાબેન મનસુખભાઈ અલગીયા, શ્રી નિલેશભાઈ મનસુખભાઈ અલગીયા અને શ્રી કિશોરકુમાર મનસુખભાઈ અલગીયા નામે આવેલ છે. જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ** : જોડેનો રોડ, **પશ્ચિમ તરફ** : જોડેનો પ્લોટ નં.૭૮, **ઉત્તર તરફ** : જોડેનો પ્લોટ નં. ૨૮, **દક્ષિણ તરફ** : જોડેનો રોડ આવેલ છે.

તા. ૧૭.૦૫.૨૦૨૬ | સ્થળ : સુરત — અધિકૃત અધિકારી અને ચીફ મેનેજર, બેંક ઓફ બરોડા, ઉત્રાણ શાખા

બૈંક ऑफ़ बड़ौदा Bank of Baroda
ઈટાળવા શાખા : ઈટાળવા પ્રાથમીક શાળા નજીક, નવસારી-૩૯૬૪૪૫. ફોન.: ૯૧-૨૬૩૭-૨૨૭૧૨૨
Email : itrwa@bankofbaroda.com

પરિશિષ્ટ-૪ (જુઓ રૂલ૮(૧) કબજા નોટીસ

નીચે સહી કરનાર **બેંક ઓફ બરોડા** ના અધિકૃત અધિકારીએ સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ,૨૦૦૨ અને તેમને આ ધારાની કલમ ૧૩ સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ તેમને મળેલ સત્તા હેઠળ **તા. ૧૧.૧૧.૨૦૨૫ ના રોજ** ડિમાન્ડ નોટીસ બજાવી દેવાદાર/ગીરવેદાર **શ્રીમતી સમ્ભાવતીદેવી સદાનંદ અને શ્રી સદાનંદ મલાહ** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા. ૧૭,૯૫,૨૭૮.૦૪ (અંકે રૂા. સત્તર લાખ પંચાણુ હજાર બસો ઈઠ્ઠોતેર અને ચાર પૈસા પુરા) તા. ૧૧.૧૧.૨૦૨૫ ના રોજ (તા. ૦૮.૧૧.૨૦૨૫ સુધી વ્યાજ સહિત)** અને વધારાનાં વ્યાજ અને ચાર્જીસ અને ખર્ચાઓ સહિત આ નોટીસ/તારીખ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદારો/ગીરવેદારો આ રકમ ચુકવવામાં અસફળ રહેલ છે. આથી દેવાદારો/ગીરવેદારો અને જાહેર જનતાને આ નોટીસથી જણાવવામાં આવે છે કે આ ધારા ૧૩(૪) ના રૂલ ૮ સાથે વંચાણે લઈ **તા. ૧૮મી મે ૨૦૨૬** ના રોજ નીચે દર્શાવેલ વિગતની મિલકતનો કબજો મેળવેલ છે.

ખાસ દેવાદારો/ગીરવેદારો અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બેંક ઓફ બરોડા** ની રકમ **રૂા. ૧૭,૯૫,૨૭૮.૦૪ (અંકે રૂા. સત્તર લાખ પંચાણુ હજાર બસો ઈઠ્ઠોતેર અને ચાર પૈસા પુરા) તા. ૧૧.૧૧.૨૦૨૫ ના રોજ (તા. ૦૮.૧૧.૨૦૨૫ સુધી વ્યાજ સહિત)** અને વધારાનું વ્યાજ અને અન્ય ચાર્જીસ અને ખર્ચાઓ સહિત સંપૂર્ણ ચુકવણી સુધીના ને આધિન રહેશે.

દેવાદારનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ ૮ ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

સ્થાયી મિલકતનું વર્ણન

ઈકવીટેબલ મોર્ગેજ કરેલ મિલકત શ્રીમતી સમ્ભાવતીદેવી સદાનંદ અને શ્રી સદાનંદ મલાહ ના નામે આવેલ જેનો રેવન્યુ સર્વે નં. ૧૧૯/૩, કુલ જમીન માપ ૨૫૪૯૬.૦૦ ચો.મી 'રાધે રેસીડન્સી' તરીકે જાણીતી પૈકી પ્લોટ નં. ૧૨૯, સુધારેલ બ્લોક /સર્વે નં. ૫૪૨૫ પ્લોટો જમીન માપ ૯૭.૬૦ ચો.મી પૈકી સબ પ્લોટ નં. ૧૨૯/૧ ઉત્તર બાજુ ની જમીન માપ ૪૮.૮૦ ચો.મી છે. વધુ વિગત નીચે મુજબ છે.

રે.સ.નં. ૧૧૯/૩ પૈકી પ્લોટ નં. ૧૨૯/૧	રે.સ.નં. ૧૧૯/૩ પૈકી ૧૭૧,બ્લોક ૫૭૧૨ નવો નં. (સી.ઓ.પી/૧)	રે.સ.નં. ૧૧૯/૩ પૈકી ૧૭૨ નવો બ્લોક નં. ૫૮૫૮ (સી.ઓ.પી/૨)	રે.સ.નં. ૧૧૯/૩ પૈકી ૧૭૩ નવો બ્લોક નં. ૫૫૩૧ (સી.ઓ.પી/૩)	રે.સ.નં. ૧૧૯/૩ પૈકી ૧૭૪ નવો બ્લોક નં. ૫૪૧૨ (સી.ઓ.પી/૪)	રે.સ.નં. ૧૧૯/૩ પૈકી ૧૭૫ નવો બ્લોક નં. ૫૫૩૨ (સી.ઓ.પી/૪) આંતરીક રોડ	કુલ માપ
૪૮.૮૦ ચો.મીટર	૧,૬૬૩૧ ચો.મીટર	૧.૯૩૫૭ ચો.મીટર	૧.૩૦૧૨ ચો.મીટર	૨.૬૩૮૭ ચો.મીટર	૧૮.૯૭૮૫ ચો.મીટર	૭૫.૩૩ ચો.મીટર

જેની ચર્તુદિશા : પુર્વે : પ્લોટ નં. ૧૪૨, પશ્ચિમે : આંતરીક રોડ, ઉત્તરે : પ્લોટ નં. ૧૨૮, દક્ષિણે : સબ પ્લોટ નં. ૧૨૯/૨

તા. ૧૮.૦૫.૨૦૨૬ સ્થળ : નવસારી — અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા ઈટાળવા શાખા, નવસારી